સરદારને વૈશ્વિક સન્માન : સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ

અમદાવાદ,તા. ૩૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની નર્મદા જિલ્લાના કેવડિયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને ભારે રંગારંગ કાર્યક્રમ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૩૧મી ઓક્ટોબરના દિવસે રાષ્ટ્રને અર્પણ કરશે. આ કાર્યક્રમને ઐતિહાસિક અને યાદગાર બનાવવા માટેની તમામ તૈયારી છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી. આ તમામ તૈયારી હવે પૂર્ણ કરી લેવામાં આવી છે. આવતીકાલે વિરાટ પ્રતિમાનુ લોકાર્પણ કરવામાં આવનાર છે. ઐતિહાસિક સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ પર ગુજરાત અને કેન્દ્ર સરકાર દ્વારા આશરે ૨૨૦૦ કરોડ રૂપિયાથી વધારેનો ખર્ચ કરવામાં આવી ચુક્યો છે. આવનાર સમયમાં હજુ આશરે ૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં નિર્માણ પાછળ કુલ ખર્ચનો આંકડો ૨૫૦૦ કરોડની આસપાસ પહોંચશે. આ ઉપરાંત ગુજરાત સરકારે એક કાર્યકારી એજન્સીને ૧૫ વર્ષ સુધી તેની જાળવણી માટે આશરે ૬૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. વડાપ્રધાન મોદી આવતીકાલે સવારે અમદાવાદથી વિમાનીમાર્ગ મારફતે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે પહોંચનાર છે. કેવડિયાથી સીધી રીતે ફુલોની ખીણ વેલી ઓફ ફ્લાવર અને ટેન્ટ સિટી પહોંચશે. ત્યાં નિરીક્ષણ કર્યા બાદ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાજંલિ આપવામાં આવ્યા બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીનુ લોકાર્પણ કરશે. ત્યારબાદ સરદારના જીવન પર નિર્મિત મ્યુઝિયમનુ ઉદ્ઘાટન કરનાર છે. ત્યારર વિરાટ જનસભાને સંબોધન કરશે. લોકાર્પણ કાર્યક્રમમાં જુદા જુદા રાજ્યોના મુખ્યપ્રધાનો પણ હાજર રહેનાર છે. તમામનુ સ્વાગત કરવા માટે પણ તૈયારી કરવામાં આવી છે. લોકાર્પણ કાર્યક્રમને સફળ બનાવવા માટે તૈયારી કરી લેવામાં આવી છે. લોકાર્પણ પ્રસંગે દેશભરના ૨૯ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોના કલાકારો દ્વારા ભવ્યાતિભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજનાર છે. સાથે-સાથે આર્મ ફોર્સિસ, પેરા મીલીટરી ફોર્સિસ અને રાજ્ય પોલીસ દ્વારા વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમો પણ યોજશે. ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી ઉત્સાહપૂર્વક કેવડીયા કોલોની, નર્મદા ખાતે કરવામાં આવનાર છે જેમાં ભારતની આંતરિક અને સરહદીય સુરક્ષા જેના ખભા પર છે તેવા ગુજરાત પોલીસ દળ, એસઆરપીએફ, સીઆરપીએફ, આર્મી, નેવી અને એર ફોર્સ દ્વારા સાંગીતિક પ્રસ્તુતિ કરવામાં આવનાર છે. ભારતવર્ષમાંથી ૩૦ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રેષ્ઠ સાંસ્કૃતિક વૃંદો પોતાની સાંસ્કૃતિક ધરોહરની પ્રસ્તુતિ દ્વારા જ્યારે વડાપ્રધાન સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવા આગળ વધશે ત્યારે વડાપ્રધાન સહિત મહાનુભાવોનું સ્વાગત કરશે. સૌ પ્રથમ ગુજરાત પોલીસના બ્યુગલર્સ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરાશે.



ત્યારબાદ, વડાપ્રધાનના વરદ હસ્તે લોકાર્પણ કરશે. ત્યારબાદ, સમગ્ર દેશમાંથી પધારેલા સાંસ્કૃતિક જૂથો એક પછી એક પ્રસ્તુતિ કરશે. જેમાં

કેરલાનું પંચવાદ્યમ, તમિલનાડુનું દમી હોર્સ, કારાગમ, કાવડી, આંધ્રપ્રદેશનું ગરાગુલુ, પોંડિચેરીનું કૈલીઅટ્ટમ, કર્ણાટકનું લેડીઝ, ઢોલુકુનિઢા- કોરબાના ભરવાડ સમાજના પુરૂષોનો ઢોલ સાથેનો વીરરસ દર્શાવતું નૃત્ય, તેલંગણાનું મથુરી નૃત્ય, છત્તીસગઢનું પંથી નૃત્ય, દમણનું મચ્છી નૃત્ય જેમાં મછવારા દરીયો ખેડી પાછા આવે ત્યારે તેના આનંદ ઉલ્લાસ પ્રકટ કરતું નૃત્ય, અરૂણાચલ પ્રદેશનું રીખ્ખમપડ, આસામનું બિહુ જેમાં, વસંતના આગમનના વધામણા અને માનવીય પ્રેમને દર્શાવતું નૃત્ય, મેઘાલયનું વાંગલા, મિઝોરમના ચેરો નૃત્યમાં વાંસનો ઉપયોગ થતો હોવાથી બામ્બુ ડાન્સ તરીકે પ્રચલિત છે. વાંસને આડા સમાંતર રાખી બન્ને છેડે બે જુદી જુદી વ્યક્તિ તેને પકડે અને તાલબદ્ધ રીતે અથડાવી તેના તાલી નૃત્ય કરે છે, નાગાલેન્ડનું મકુહેનગીચી(વોર ડાંસ) ત્રિપુરાનું હોજાગીરી, સિક્કીમનું સંગહીચામ, પંજાબનું ભાંગડા, જમ્મુ કશ્મિરનું રૌફ નૃત્ય, હિમાચલપ્રદેશનું હિમાચલી નટી, ઝારખંડનું પૈકા, બિહારનું હોલી અને જલી જલા, ઓરીસ્સામાં ગોટીપુઆ-દેવદાસી અને મહારી પ્રથાની પડતી થતા નર્તક છોકરાઓ દ્વારા આ ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવામાં આવે છે. જેમાં અંગકસરત અને વ્યાયામના વિવિધ આસનોનો સમાવેશ થાય છે. હરીયાણાના ધુમર કે જેમાં હોલી, ગંગોદર પૂજા અને ત્રીજ જેવા તહેવારોમાં છોકરીઓ જે પરંપરાગત નૃત્ય કરે છે તે ઘુમર નૃત્ય તરીકે ઓળખાય છે. મધ્યપ્રદેશનું બંધાઇ નૃત્ય, ઉત્તરાખંડનું છાપેલી, રાજસ્થાનનું લાંગી ઘેર નૃત્ય જે હોલીના સમયે ખેલવામાં આવે છે. પગમાં ઘૂંઘરુ, સાફા સાથે ઢોલ અને થાલી પર યુદ્ધ કલાની પ્રસ્તુતિ નૃત્ય દ્વારા કરવામાં આવે છે. મણીપુરનું ઢોલ, ઢોલક, ચોલમ- જેમાં તલવાર અને ભાલાથી યુદ્ધકલાનું પ્રદર્શન નૃત્ય દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે. ગુજરાતનું સિદ્દી ધમાલ નૃત્ય, ગોવાનું મુસલ ખેલ, ઉત્તરપ્રદેશ/પશ્ચિમ બંગાળનું મયુર નૃત્ય અને પુરાલીયા. ગુજરાતનું જાનૈયા ઢોલ જેમાં ગુજરાતના લોકવાદ્ય ઢોલની પ્રસ્તુતિ, મહારાષ્ટ્રનું સાંગી મુખોટા, ગુજરાતના ડાંગી વાદ્યોમાં ડાંગ વિસ્તારના આદિવાસી જાતિના લોકો થકી લોકવાદ્યો દ્વારા પ્રસ્તુતી. ગુજરાતનું રાઠવા નૃત્ય જે આદિવાસી લોકનૃત્ય હોલી અને લગ્ન પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવે છે. જેમાં મોટા ઢોલ અને વાંસળીનો ઉપયોગ કરી સ્ત્રી અને પુરૂષો પરંપરાગત વેશભૂષામાં નૃત્યની પ્રસ્તુતિ કરે છે જેને યુનેસ્કો દ્વારા હેરીટેજ નૃત્ય પણ જાહેર કરાયું છે. આ તમામ નૃત્યો આવનાર મહાનુભાવો અને લોકના મન હરી લેશે.રાજ્યોના સાંસ્કૃતિક ધરોહર સમા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ બાદ વડાપ્રધાન સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ આગળ વધશે ત્યારે ભારત દેશની આન-બાન અને શાન સમા પોલીસ દળ અને સરહદોની સુરક્ષા કરતા સશસ્ત્રદળો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવે છે. જેમાં ગુજરાત પોલીસ દ્વારા વંદે માતરમ, એસઆરપીએફ દ્વારા એ મેરે વતન કે લોગો, સીઆરપીએફ દ્વારા દેશો કા સરતાજ ભારત, બીએસએફ દ્વારા મેરા મુલ્ક મેરા દેશ, મેરા યે વતન, આર્મી દ્વારા કદમ કદમ બઢાયે જા, બીટ નં-૧ અને એરફોર્સ દ્વારા સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા જેવા ગીતોની પ્રસ્તુતિ કરીને રાષ્ટ્રભક્તિમય વાતાવરણ ઉભુ કરવાના પ્રયાસ પણ કરાશે છે ત્યારે આ રાષ્ટ્રભક્તિમય સાંસ્કૃતિક કાર્યક્રમ માણવાનો અવસર લોકો માટે અનેરો બની રહેશે. તમામ ટીવી ચેનલો પર કાર્યક્રમને પણ જીવંત માણી શકાશે.કાર્યક્રમને લઇને છેલ્લા કેટલાક સમયથી ગુજરાત

ફ્લાય પાસ કાર્યક્રમમાં સુર્ય કિરણ ટુકડી પણ ભાગ લેશે

આજના પ્રસંગને સેના યાદગાર બનાવશે : સુર્યકિરણ ટીમ આકાશમાં ભારતીય તિરંગાની પ્રતિકૃતિ બનાવશે : જગુઆર વિમાન પણ નીચા સ્તરે ઉડાંણ ભરશે

અમદાવાદ,તા.૩૦

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ કાર્યક્રમને ઐતિહાસિક, યાદગાર અને સફળ બનાવવા માટે કોઇ કચાશ રાખવામાં આવી રહી નથી. કાર્યક્રમ વેળા ભારતીય હવાઇઉ દળ દ્વારા પણ દિલધડક પરાક્રમ દર્શાવવામાં આવનાર છે. ભારતીય હવાઇ દળ આકાશમાં તિરંગાની તમામનુ ધ્યાન ખેંચાય તે રીતે નયનરમ્ય પ્રતિકૃતિની રચના કરીને તમામને ગૌરવથી ભરી દેશે. આ 'ફ્લાય પાસ' કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સ્મારકના સ્થળ ઉપર પહોંચીને સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનાવરણ માટે બટન દબાવશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણની ટીમ આકાશમાં ગગનભેદી નાદ સાથે ઉપસ્થિત થશે અને ભારતીય તિરંગાની પ્રતિકૃતિથી સમગ્ર આકાશને કેસરી, સફેદ અને લીલા રંગથી ભરી દેશે. આ પ્રસંગે ઉદબોધન બાદ વડાપ્રધાન જ્યારે રાષ્ટ્રીય એકતાના પ્રતિક સમી 'ધ વોલ ઓફ યુનિટી'નું અનાવરણ કરશે તે જ ક્ષણે ત્રણ જગુઆર ફાઇટર જેટ એકદમ નીચી કક્ષામાં નર્મદા ડેમ ઉપરથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની દિશામાં ઉડાન ભરશે.

ધ વોલ ઓફ યુનિટીનું અનાવરણ થયા બાદ વડાપ્રધાન મોદી જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્મારક ખાતે જઇને સરદાર પટેલના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરશે તે જ ક્ષણે ભારતીય વાયુસેનાના બે એમઆઇ-૧૭ હેલિકોપ્ટર પણ આકાશમાં એ જ સ્થાને ઉપસ્થિત થશે અને વડાપ્રધાનની સાથે સમગ્ર દેશના પ્રતિનિધિત્વ સ્વરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર સરદાર પટેલના ચરણોમાં પુષ્પવૃષ્ટિ કરશે.

સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રથમ હરોળના લોકનેતા, લોહપુરુષ અને ભારતદેશને એકતા અને અખંડિતતાના એકસૂત્રે બાંધનારા રાષ્ટ્રના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઇ પટેલને વીરોચિત શ્રદ્ધાંજલિ સ્વરૂપે ગુજરાતની ધરતી ઉપર આકાર લઇ રહેલાં વિશ્વના સૌથી ઊંચા એટલે કે ૧૮૨ મીટરની ઊંચાઇ ધરાવતા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ સાધુ બેટ ખાતે કરાયું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં ૨૫૦ ટેન્ટ સીટી પણ તૈયાર

ટેન્ટનગર તરફ પણ લાખો પ્રવાસી ખેંચાઈ શકે છે : સ્થળને વૈશ્વિક સ્તર પર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે અનેક નવતર આયામ ઉભા કરાયા : રોજગાર વધશે

અમદાવાદ,તા. ૩૦

ઐતિહાસિક સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં નિર્માણાધિન ટેન્ટ સીટી હવે આકર્ષણનુ કેન્દ્ર બનનાર છે. આ ટેન્ટ સીટીમાં અતિ આધુનિક તમામ પ્રકારની સુવિધા રાખવામાં આવી છે. આધુનિક ટેન્ટ સીટી તમામને આકર્ષિત કરે તે પ્રકારે તૈયાર છે. નર્મદા મૈયાના કુદરતી સાનિધ્યમાં ૭૦ હજાર ચોરસ મીટર વિસ્તારમાં ૨૫૦ ટેન્ટનુ વિશાળ નગર નિર્માણ કરવામાં આવ્યુ છે. પહાડોની વચ્ચે તૈયાર તેની સુન્દરતા જોવાલાયક છે. ટેન્ટ સીટીને આધુનિક સુવિધા સાથે સજ્જ કરવામાં કોઇ કમી રાખવામાં આવી નથી. પ્રવાસીઓ અહીંથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાથે સાથે નર્મદા બંધ અને કુદરતી નજારાને જોઇ શકશે. પહેલ નવેમ્બર બાદથી આને પ્રવાસીઓ માટે ખોલી દેવામાં આવનાર છે. ટેન્ટ સીટીમાં સેમી ડીલેક્સ અને ડીલેક્સ સહિત ૨૫૦ ટેન્ટ બનાવવામાં આવ્યા છે.ટેન્ટ સીટી દેશભરના સહેલાણીઓ માટે અનેરો લ્હાવો પૂરો પાડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ સ્મારકનું આવતીકાલે લોકાર્પણ થશે. આ સ્થળને વૈશ્વિક સ્તરે પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવા માટે અનેક નવતર આયામો ઊભા કરાયા છે. આ સ્થળની મુલાકાત લેનારા પ્રવાસીઓને કુદરતનું સાનિધ્ય મળી રહે અને પ્રવાસીઓને અહીં રોકાવાનું મન થાય તેવું વાતાવરણ સર્જાયું છે. પૂર્ણ સલિલા નર્મદા નદીના કુદરતી સૌન્દર્યની વચ્ચે ટેન્ટ સીટીનું નિર્માણ કરાયું છે. તળાવ નં -૩ અને તળાવ નં -૪ના કિનારે પચાસ હજાર ચોમી અને વીસ હજાર ચોમી એમ બે સ્થાન ઉપર આ ટેન્ટ સીટી આકાર લઇ રહ્યુ છે. આ ટેન્ટ સીટીમાં જરૂરી માળખાકીય સુવિધાઓ, રોડ, વીજળી, પીવાનું પાણી જેવી શ્રેષ્ઠ સગવડો ઉપરાંત સમથળ જમીન ઉપર વિવિધ ભૂમિદ્રશ્યો ઉભા કરવામાં આવ્યા છે. તળાવ નં.૪ નજીકના પ્રથમ ટેન્ટ સીટીમાં પચાસ ટેન્ટ અને તળાવ નં.૩ના કિનારે આવેલા બીજા ટેન્ટ સીટીમાં ૨૦૦ ટેન્ટ બાંધવામાં આવ્યા છે. પ્રવાસીઓને ટેન્ટ સીટી ખાતે વડોદરાથી જવા આવવાની વ્યવસ્થા તથા સ્થાનિક ફરવાલાયક સ્થળોની મુલાકાત જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે. આ ટેન્ટ સીટીમાં રિસેપ્શન એરિયામાં સરદાર પટેલના જીવન કવન સાથે સંકળાયેલી ક્વીઝ પણ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. અહીં હરિત ઊર્જા સાથે આખું ટેન્ટ સીટી ઝળહળે તે માટે ૨૫૦ કિલોવોટ સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરતી તરતી સૌર પેનલો ભવિષ્યમાં સ્થાપિત કરવાનું આયોજન પણ કરાયું છે.

કેવડિયા વિસ્તાર છાવણીમાં ફેરવાયો : ૫૦૦૦થી પણ વધુ સુરક્ષા જવાનો ગોઠવાયા

નરેન્દ્ર મોદીની યાત્રાને લઇ પોલીસ તંત્ર તૈયારીમાં વ્યસ્ત

ગાંધીનગર,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનુ લોકાર્પણ કરનાર છે. નર્મદાના કેવડિયા કોલોની અને આસપાસના વિસ્તારોને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યા છે. અનેક મોકડ્રિલનું આયોજન પહેલાથી જ કરવામાં આવી ચુક્યું છે. કોઇપણ અવ્યવસ્થા ન સર્જાય તે માટે તૈયારી કરવામાં આવી છે. ટોપ પોલીસ અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપાઈ છે. લોકાર્પણ કાર્યક્રમને સાનુકુળ અને સરળ રીતે પાર પાડવા માટે પાંચ હજાર પોલીસ જવાનો તૈનાત કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેટલાક રાજ્યોના મુખ્યપ્રધાન, રાજ્યપાલો અને અન્ય ટોપના લોકો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

આ કાર્યક્રમના સંબંધમાં એક પોલીસ નાયબ મહાનિર્દેશકના માર્ગદર્શનમાં બે પોલીસ મહાનિર્દેશક (આઈજી)સહિત પાંચ જિલ્લાના પોલીસ અધિક્ષક (એસપી), ૫૦ પોલીસ નિરીક્ષણ (પીઆઇ), ૩૦૦થી વધારે પોલીસ નાયબ નિરીક્ષણ (પીએસઆઇ)ની જુદા જુદા સ્થળો પર તૈનાતી કરવામાં આવનાર છે. આ સમગ્ર વિસ્તારમાં આશરે પાંચ હજાર પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવનાર છે. મોદીની યાત્રાને લઇને કેવડિયા કોલોની અને નર્મદા જિલ્લાને છાવણીમાં ફેરવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

એમ માનવામાં આવે છે કે કેવડિયાના પહાડી વિસ્તારમાં પેટ્રોલિંગ માટે ઘોડેસવાર પોલીસને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. ગ્રામીણ વિસ્તાર હોવાના કારણે પોલીસ પેટ્રોલિંગ, ડ્રોન બટન, સિસ્ટમ પણ રાખવામાં આવનાર છે. તમામ સિસ્ટમને એલર્ટ કરી દેવામાં આવી છે. આશરે ત્રણ કલાક સુધી કાર્યક્રમ ચાલનાર છે. જેને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.રાજ્ય સરકાર તરફથી સમગ્ર કાર્યક્રમને વધુ વિસ્તૃત બનાવવા માટે તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. સરદાર પટેલની પ્રતિમાનેલેજર લાઇટ અને સાઉન્ડ સિસ્ટમ સાથે સજ્જ કરવામાં આવી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી : ઈજનેરી કૌશલ્યનો સર્વશ્રેષ્ઠ નમૂનો

ભૂકંપ,વાવાઝોડા સહિતના કુદરતી હોનારતમાં પણ ટકી રહે તે પ્રકારે આ ઐતિહાસિક પ્રતિમા તૈયાર કરાઈ

અમદાવાદ, તા.૩૦

ભારતનાં લોહપુરુષ તરીકે પ્રસિદ્ધ સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ સ્વરૂપે બનાવવામાં આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતાની પ્રતિમા) દુનિયામાં સૌથી ઊંચી અને ફક્ત ૩૩ મહિનામાં સૌથી વધુ ઝડપથી નિર્માણ પામેલી પ્રતિમા બનશે, જે અનોખો રેકોર્ડ હશે. ચીનની સ્પ્રિંગ ટેમ્પલ બુદ્ધાનું નિર્માણ થવામાં ૧૧ વર્ષ લાગ્યાં છે એવો દાવો આ પ્રતિમાનું નિર્માણ કરનાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અગ્રણી કંપની લાર્સન એન્ડ ટૂબ્રોએ કર્યો છે. રોડ એન્ટ્રીથી ૧૮૨ મીટર અને રિવર એન્ટ્રીથી ૨૦૮.૫ મીટર ઊંચી ભારતની આન, બાન અને શાનરૂપ આ પ્રતિમા ચીનમાં ૧૫૩ મીટર ઊંચી સ્પ્રિંગ ટેમ્પલ બુદ્ધાની પ્રતિમાથી વધારે ઊંચાઈ ધરાવે છે અને ન્યૂયોર્કની જગપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની ઊંચાઈથી લગભગ બમણી છે. આ વિશાળ પ્રતિમાનું ઉદ્ઘાટન આવતીકાલે તા.૩૧ ઓક્ટોબરનાં રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરાશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટેકનીકલ અને રસપ્રદ હકીકતો અંગે એલએન્ડટીએ જણાવ્યું હતું કે, રૂ. ૨,૯૩૮ કરોડનાં ખર્ચે નિર્મિત સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતાની પ્રતિમા)માં બ્રોન્ઝનાં આવરણ સિવાય સંપૂર્ણપણે ભારતમાં બની છે. આ પ્રતિમા નર્મદા નદીનાં પટ પર સાધુ હિલ પર સરદાર સરોવર ડેમમાંથી અંદાજે ૩.૫ કિલોમીટર ડાઉનસ્ટ્રીમ પર સ્થિત છે. માળખાનાં આધારનું નિર્માણ તા.૧૯ ડિસેમ્બર, ૨૦૧૫નાં રોજ શરૂ થયું હતું અને સંપૂર્ણ નિર્માણમાં ફક્ત ૩૩ મહિના લાગ્યાં હતાં.

હડતાલ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કલેકટર તેમજ જી ટી યુના તંત્રને પણ રજુઆત કરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ છે. જયારે સરકારી પોલીટેકનિક કોલેજમાં વાઇસ પ્રિન્સિપાલ એ ડી પટેલને નિમણુંક નહીં આપવામાં આવે તો વિદ્યાર્થીઓ ઉપવાસની રાહે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. સે-૨૬ પોલીટેકનિક કોલેજમાં આચાર્યની બદલી મામલે ભડકેલા વિદ્યાર્થીઓએ આજે ઉગ્ર વિરોધ વ્યકત કરતા શૈક્ષણિક વર્તુળમાં પણ આ વિષય ચર્ચા સ્થાને રહ્યો હતો.

વેકેશન રદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સ્થિતિમાં મુકાઈ જવા પામ્યુ હોવાનું આજે આરોગ્ય વિભાગના સચિવાલયના વર્તુળોમાં ચર્ચાતુ હતુ.

આ સૂત્રોએ સ્વીકાર્યુ હતુ કે વડનગર કોલેજ સહિત ઘણી બધી કોલેજોમાં ઈન્સ્પેકશન હજુ બાકી છે અને એટલે જ ગાંધીનગર મેડિકલ કોલેજના અધ્યાપકોનું દિવાળી વેકેશન રદ કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે. જેને પગલે આ વેકેશન રદ કરાયુ હોવાનુ કોલેજના સંકુલમાંથી જાણવા મળેલ છે.

અધ્યાપકોની એકાએક કરાયેલ બદલીના પગલે સિવિલ હોસ્પિટલમાં આજે રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ પહેલીવાર બંધ હાલતમાં જોવા મળ્યુ હતુ એટલુ જ નહિ સિવિલની ઘણા બધા વિભાગોની સેવાઓ પણ કથળી જવા પામી હતી. એક તરફ ગાંધીનગર શહેર અને જિલ્લામાં રોગચાળો બેફામ બન્યો છે ત્યારે મેડિકલ કોલેજોની માન્યતાઓ મેળવવામાં તંત્ર મશગુલ બની પ્રજાની પરેશાનીમાં વધારો કરી રહેલ હોવાથી લોકોમાં રોષ જન્મ્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

PUBLIC NOTICE
Adv.Pratibha V Bhosale
Exh.No.18
Before The Hon'ble Civil Judge Senior Division Court, At. Kalyan
MP 662/2017

Vrushali Sandip More .... Petitioner
C/o. Shri Ramdas Shankar Shinde, 204, Uma-Ashish CHS, Kalyan-Shil Road, Manpada Police Station, Golavali, Dombivli (E) - 421306. Mob:9022646714
V/s
Sandip Suresh More .... Respondent
Mukkam Post - Baranpura, Behind Jaisingrao Para Nutan Bank, Baroda, Gujrat. Mob: 8000126687

The Petitioner above named has filed the Petition for Divorce before this Hon'ble Court. The Respondent is hereby directed to remain present before this Hon'ble Court within the 15 days of the publication of this notice in the newspaper or on the next hearing date. The next date in the matter is 15/11/2018. Otherwise the matter will be proceeded ex-parte against the Respondent.

The notice bears my signature and the seal of the Court.

Court Seal
By Order
Assistant Registrar
Civil Court,
Senior Division, Kalyan

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ